


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 314
Dt.: 19-09-2025, Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### રાહુલ ગાંધીએ ફરી એકવાર મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો

# દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોના રક્ષક બની ગયા છે

## દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે : દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે : રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાહુલ ગાંધીએ વોટ ચોરી મુદ્દે વધુ એક સનસનીખેજ આક્ષેપ કર્યો છે. તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન તેમણે કેટલાક પુરાવા રજૂ કરીને દાવો કર્યો હતો કે, 'દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે.

દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. દેશના વોટ ચોરોને મુખ્ય ઈલેક્શન કમિશર જ છાવરી રહ્યા છે, જેના મારી પાસે સચોટ પુરાવા છે. હવે હું વોટ ચોરી મુદ્દે ટૂંક સમયમાં જ હાઈડ્રોજન બોમ્બ ફોડવાનો છું.' નોંધનીય છે કે, હાલમાં જ રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા પૂર્ણ થઈ છે.

આ અંગે વધુ વાત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મારું કામ લોકશાહી પદ્ધતિમાં ભાગ લેવાનો છે. તેની સુરક્ષા કરવાનું નથી. ભારતના ઈન્સ્ટિટ્યુશન્સ આ કામ કરી રહ્યા નથી. તેથી હું તેમનું કામ કરી રહ્યો છું. મારું કામ સત્ય બહાર લાવવાનું છે. ભારતની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. તેને દેશના લોકો જ બચાવી શકશે.

મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મહારાષ્ટ્રની રજોરા વિધાનસભા બેઠકમાં ઓનલાઈન વોટ ઉમેરવામાં આવ્યા હતા. કર્ણાટક સીઆઈડીએ ચૂંટણી પંચ પાસે માર્ચ મહિનામાં વોટ ચોરી મામલે માહિતી મગાવી હતી, જેમાં જેની જરૂર હતી તે સિવાય અન્ય તમામ વિગતો સીઆઈડીને આપી. સીઆઈડીએ આ મામલે ચૂંટણી પંચને ૧૮ રિમાન્ડર પત્રો લખ્યા. ચૂંટણી પંચના કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને છાવરી રહ્યા છે. અમારી માગ છે કે, જ્ઞાનેશ કુમાર કર્ણાટકની સીઆઈડીને એક સપ્તાહની અંદર તમામ પુરાવા આપો.



રાહુલ ગાંધીએ સનસનીખેજ આક્ષેપો કરતાં કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને બચાવી રહ્યા છે. આ દાવાના મારી પાસે પુરાવા છે, જેને નકારી શકાય નહીં. આ પુરાવા બ્લેક એન્ડ વ્હાઈટ છે. અમારી પાસે પુરાવા છે કે દેશભરમાં લઘુમતી, દલિતો, આદિવાસી અને ઓબીસીના લાખો વોટ કાઢી નંખાયા છે. આ ખાલી વિપક્ષના વોટ કાપવાની ટ્રીક છે. કર્ણાટકની આલંદ વિધાનસભા બેઠકનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં અહીં ૬૦૧૮ મતો કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક બીએલઓએ જોયું કે તેમના કાકાનો વોટ જ કાઢી નાખવામાં આવ્યો છે. જાણવા મળ્યું કે આ એક પાડોશીના નંબર પરથી થયું છે. જ્યારે તેમણે પાડોશી સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે તેમને ખબર પણ નથી કે કેવી રીતે કાઢી નાખવામાં આવ્યું.

રાહુલ ગાંધીએ કહ્યું કે અન્ય રાજ્યોના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને ઓનલાઈન ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ગોદા બાઈ નામની એક મહિલાનું ઉદાહરણ પણ આપ્યું. તેમના નંબર પરથી કુલ ૧૨ વોટ ડિલીટ કરાયા હતા અને તેમને તેની જાણ પણ નહોતી. તેમણે સૂર્યકાંત નામના બીજા વ્યક્તિના નામે ૧૨ લોકોના નામ ડિલીટ થવાનું ઉદાહરણ પણ આપ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે માત્ર ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભરાઈ ગયા. આટલા ઓછા સમયમાં બે ફોર્મ કેવી રીતે ભરાઈ શકે? વધુમાં, આ સમય પણ સવારે ૪:૦૭ વાગ્યાનો હતો.

રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં મતદાર ગોડાબાઈનો વીડિયો બતાવી વોટ ચોરી મુદ્દે વાત શરુ કરી હતી. તેમણે કહ્યું કે, હું પુરાવા સાથે મારી વાત કહી રહ્યો છું. દેશના દલિત અને ઓબીસી ટાર્ગેટમાં છે. હું આપણા દેશ અને બંધારણને પ્રેમ કરું છું. હું બંધારણની રક્ષા કરીશ. કર્ણાટકના આલંદમાં ૬૦૧૮ મતદારોના નામ દૂર કરી દેવામાં આવ્યા.

રાહુલ ગાંધીના હાઈડ્રોજન બોમ્બના નિવેદન પર શરદ પવારે જણાવ્યું કે, દેશની નોન-ભાજપ પાર્ટીઓએ પહેલી વાર આ મુદ્દે સંસદની બહાર દેખાવો કર્યા છે. જેમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે ઉપસ્થિત હતા. ૩૦૦ સાંસદ સંસદ છોડી રસ્તા પર ઉતર્યા છે, જેને નજરઅંદાજ કરી શકાય નહીં. ચૂંટણી પંચે આ મામલે પોતાનું વલણ બદલવું જોઈએ. અમે વાતચીત અને ચર્ચામાંથી પીછેહટ કરવાનો પ્રયાસ કર્યો નથી.

### UNમાં ફરી પાકિસ્તાન પર ભારતનો પ્રહાર

## અફઘાનિસ્તાનને આતંકવાદીઓનો અખાડો ન બનવા દેશો : ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંયુક્ત રાષ્ટ્રમાં યોજાયેલી અફઘાનિસ્તાન પરની સુરક્ષા પરિષદની બેઠકમાં પાકિસ્તાની ફરી ફજેતી થઈ છે. બેઠકમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત પરવથાનેની હરીશે વિશ્વને અપીલ કરી છે કે, પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરાયેલા આતંકવાદી સંગઠનો અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે ન કરે તે સુનિશ્ચિત કરવામાં આવે. ભારતે સ્પષ્ટપણે કહ્યું કે, આ સંગઠનો અને તેમના મદદગારોને અફઘાન જમીનનો દુરુપયોગ કરતા અટકાવવા પડશે. હરીશે ભારપૂર્વક કહ્યું કે, 'ભારત-અફઘાનિસ્તાન વચ્ચે સભ્યતાનો ગાઢ સંબંધ છે. ભારતની દિલથી ઈચ્છા છે કે અફઘાનિસ્તાનમાં શાંતિ અને પ્રગતિ થાય. ભારત અફઘાનિસ્તાનની સુરક્ષા સ્થિતિ પર ખાસ નજર રાખી રહ્યું છે. દુનિયાએ એકજૂથ થઈને સુનિશ્ચિત કરવું પડશે કે, યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરાયેલા આતંકવાદી સંગઠનો ઈસ્લામિક સ્ટેટ, અલ-કાયદા, લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અફઘાનિસ્તાનનો ઉપયોગ આતંક ફેલાવવા માટે ન કરે.' તેમણે પાકિસ્તાનનું નામ લીધા વિના તેની તરફ ઈશારો કર્યો છે. ભારતનું માનવું છે કે, જો અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી હોય તો વૈશ્વિક અને પ્રાદેશિક સંમતી જરૂરી છે. આવી દિશામાં આગળ વધવા માટે ભારત હંમેશા સમર્થન કરતું રહેશે. વિદેશ મંત્રી એસ.જયશંકરે અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી આમિર ખાન મુત્તકી સાથે બે વખત વાત કરી છે. અફઘાનિસ્તાને ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી, જેનું ભારતે સ્વાગત કર્યું છે. હરીશે કહ્યું કે, અફઘાનિસ્તાનમાં તાજેતરના ભૂકંપ આવ્યો હતો, ત્યારે ભારતે તુરંત મદદ મોકલી હતી. ભારતે ૧૦૦૦ પરિવારો માટે તંબુ અને ૧૫ ટન ખાદ્ય સામગ્રી અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડી હતી. આ ઉપરાંત દવાઓ, ધાબળા અને જનરેટર સહિત ૨૧ ટન રાહત સામગ્રી પણ મોકલવામાં આવી છે. ઓગસ્ટ ૨૦૨૧માં તાલિબાન દ્વારા કાબુલ પર કબજો કર્યા બાદ ભારતે ૫૦૦૦૦ ટન ઘઉં, ૩૩૦ ટન દવાઓ અને રસીઓ, ૪૦૦૦૦ લિટર કીટનાશક અને અન્ય જરૂરી સામાન અફઘાનિસ્તાનને મોકલ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'અફઘાનિસ્તાનના લોકોની પ્રગતિ માટે ભારતની પ્રતિબદ્ધતા અટલ છે. ભારતે અફઘાનિસ્તાનના તમામ પ્રાંતોમાં ૫૦૦થી વધુ વિકાસ યોજનાઓ ચલાવી છે. અફઘાનિસ્તાનમાં જૂની નીતિઓથી કામ નહીં ચાલે. નવી નીતિઓ અને મદદની જરૂર છે, જેથી અફઘાન લોકો ગરીબી, બીમારી અને ભૂખમરામાંથી બહાર નીકળી શકે.

ભારત તમામ પક્ષો સાથે મળીને કામ કરવા તૈયાર છે જેથી અફઘાનિસ્તાનમાં શાંતિ, સ્થિરતા અને ખુશહાલી આવે.'

### વોટ ચોરી મામલે ભાજપનો જવાબ

## ભારતમાં બાંગ્લાદેશ અને નેપાળ જેવી સ્થિતિ પેદા કરવા માંગે છે રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પર વોટ ચોરીના આરોપોની ભાજપના નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે. ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના વોટ ચોરીના આરોપો પર વળતો પ્રહાર કર્યો છે. કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે રાહુલ ગાંધીના "વોટ ચોરી"ના આરોપોની ટીકા કરતા ઠાકુરે કહ્યું કે રાહુલ ગાંધી ભારતમાં બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવા માંગે છે. ભારતનું ચૂંટણી પંચ કોઈપણ પક્ષપાત વિના કામ કરી રહ્યું છે. રાહુલ ગાંધી લોકશાહીને નબળી પાડી, નાગરિકોને ગેરમાર્ગે દોરવા અને બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં વ્યસ્ત છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ઘુસણખોરોનું રાજકારણ એ રાહુલ ગાંધીનો એકમાત્ર એજન્ડા છે. તેમણે કહ્યું કે જો ગેરકાયદેસર મતદારોને બચાવવાના કોંગ્રેસના કથિત એજન્ડાને પ્રોત્સાહન આપીએ તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના હિતોને સૌથી વધુ નુકસાન થશે. ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારની વારંવાર ટીકા બાદ ચૂંટણી પંચનો બચાવ કરતાં ભાજપના નેતાએ યુપીએ સરકારમાં મંત્રી તરીકે સેવા આપનારા ભૂતપૂર્વ ચીફ ઈલેક્શન કમિશનર એમએસ ગિલ અને કોંગ્રેસની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડનારા ટીએન શેષનના સંબંધોનો ઉલ્લેખ કરતાં વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, ૨૦૨૩ માં આલંદ વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે પોતે જ આ સંદર્ભમાં FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે પહેલાથી જ મોબાઈલ નંબર અને IP એડ્રેસ આપ્યા હતા. તેમ છતાં કોંગ્રેસ શાસિત કર્ણાટકની CIDએ અત્યાર સુધી શું કર્યું ? રેકોર્ડ મુજબ, કોંગ્રેસના ઉમેદવાર આલંદ વિધાનસભા મતવિસ્તાર જીત્યા હતા. તો, શું કોંગ્રેસ મત ચોરી કરીને જીતી? રાહુલ ગાંધીએ પોતે તેમની પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું કે તેઓ લોકશાહી બચાવવા માટે અહીં આવ્યા નથી. જો તેઓ બચાવવા માટે નથી આવ્યો તો શું તેમનો હેતુ તેનો નાશ કરવાનો છે? ટૂલકીટની મદદથી, તેઓ સતત આપણી બંધારણીય સંસ્થાઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે. રાહુલ પર આકરા પ્રહાર કરતાં તેમણે આગળ કહ્યું કે, તેઓ નિરાશ છે કે કોંગ્રેસ તેમના નેતૃત્વમાં ૯૦ ચૂંટણી હારી ગઈ. તેથી, તેઓ હવે પાયાવિહોણા અને ખોટા આરોપો લગાવી રહ્યા છે. રાહુલ આજની પ્રેસ કોન્ફરન્સમાં હાઈડ્રોજન બોમ્બ ફોડવાના હતા, પરંતુ તેઓ ફક્ત ફટાકડા લાવ્યા.

## વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતનું મેડલ જીતવાનું સપનું તૂટ્યુંઃ નીરજ ચોપરા અને સચિન યાદવ બહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો,

ટોક્યોમાં ચાલી રહેલા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં મેન જૈવલિન થ્રો ફાઈનલમાં નીરજ ચોપરા ખાસ પ્રદર્શન ન કરી શક્યો. નીરજ આઠમાં સ્થાન પર રહ્યો છે. તેનો બેસ્ટ થ્રો ૮૪.૦૩ મીટર (બીજા પ્રયાસ) રહ્યો. નીરજ સિવાય ભારતના સચિન યાદવે પણ ભાગ લીધો હતો. સચિને સારું પ્રદર્શન કર્યું અને ચોથા નંબર પર રહ્યો. સચિનનો બેસ્ટ થ્રો ૮૬.૨૭ મીટર રહ્યો, જે તેમનું પર્સનલ બેસ્ટ પણ છે. ત્રિનિદાદ એન્ડ ટોબેગોના કેશોર્ન વોલ્કોટ (૮૮.૧૬ મીટર)એ ગોલ્ડ મેડલ જીત્યો છે. પાકિસ્તાની અરશદ નદીમ દસમાં સ્થાન પર રહ્યો. અરશદ નદીમનો પહેલો થ્રો ૮૩.૭૩ મીટરનો રહ્યો. જ્યારે બીજો પ્રયાસ તેમનો ફાઉલ રહ્યો. અરશદનો ત્રીજો પ્રયાસ ૮૨.૭૫ મીટર રહ્યો, જ્યારે પાકિસ્તાની એથ્લેટનો ચોથો પ્રયાસ ફાઉલ રહ્યો. નીરજ ચોપરાનો પહેલો પ્રયાસ ૮૩.૬૫ મીટર રહ્યો અને બીજો પ્રયાસ ૮૪.૦૩ મીટર રહ્યો, જ્યારે ત્રીજો અટેમ્પ્ટ ફાઉલ અને પાંચમો અટેમ્પ્ટ ફાઉલ રહ્યો. નીરચનો ચોથો અટેમ્પ્ટ ૮૨.૮૬ મીટર રહ્યો.

### PM મોદી અને ઈયુના ઉર્સલા વહેલી તકે એફટીએ માટે પ્રતિબદ્ધ

## ભારત-ઈયુ વેપાર ચર્ચા અંતિમ તબક્કામાં, વર્ષના અંતે FTA સંભવ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે મુક્ત વેપાર કરાર (એફટીએ) માટેની ચર્ચા અંતિમ તબક્કામાં છે અને ચાલુ વર્ષના અંત સુધીમાં બંને વચ્ચે એફટીએ થવાની પ્રબળ શક્યતા છે. યુરોપીયન કમિશનના અધ્યક્ષ ઉરુસલા વોન ડેર લેયેને પીએમ મોદીને ૭૫માં જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી. આ દરમિયાન થયેલી વાતચીતમાં બંને નેતાઓએ વહેલી તકે એફટીએની પ્રક્રિયા પૂર્ણ કરવા પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી હતી. ભારત અને ઈયુ વચ્ચે લાંબા સમયથી મુક્ત વેપાર કરાર અંગે વાટાઘાટ ચાલી રહી છે. હવે ચર્ચા અંતિમ ચરણમાં પહોંચી છે. ભારત અને ઈયુ વચ્ચે ૬થી ૧૦ ઓક્ટોબરના રોજ બ્રેસલ્સમાં એફટીએ માટે ૧૪મી વખત ચર્ચા હાથ ધરાશે. ઈયુ કમિશનના પ્રેસિડેન્ટ ઉરુસલાએ પીએમને જન્મિદવસ પર શુભેચ્છા પાઠવી હતી અને સાથે જ ચાલુ વર્ષના અંતે બંને પક્ષો વચ્ચે એફટીએ સમજૂતિ થવાની આશા વ્યક્ત કરી હતી. વડાપ્રધાન મોદીએ જન્મદિવસ પર શુભેચ્છા પાઠવવા બદલ તેમનો આભાર માન્યો હતો.ભારત અને યુરોપીયન સંઘ સાથે મળીને આગળનો રસ્તો નક્કી કરશે. પીએમ મોદીએ ભારત સાથે જોડાણ માટે ઈયુએ અપનાવેલા નવા વ્યૂહાત્મક એજન્ડા બદલ કમિશનના અધ્યક્ષની પ્રશંસા કરી હતી. બંને પક્ષો વચ્ચે સુરક્ષા સહિતના ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગ વધુ ઊંડો, વ્યાપક અને વધુ સારા સંકલન સાથે થાય તે નવા એજન્ડાનો ઉદ્દેશ રહેશે. ભારત-ઈયુ સંબંધોને આગળના સ્તરે લઈ જવા અમે તૈયાર છીએ. આ સંયુક્ત પ્રતિબદ્ધા, લક્ષ્ય અને જવાબદારી છે.યુક્રેન યુદ્ધનો વહેલી તકે શાંતિપૂર્ણ ઉકેલ આવે તે માટે આપણે પ્રતિબદ્ધ છીએ, તેમ પીએમ મોદીએ જણાવ્યું હતું. ભારત અને ઈયુ વચ્ચે વેપાર કરાર માટે નવી દિલ્હીમાં ગત સપ્તાહે ૧૩માં ચરણની વાતચીત યોજાઈ હતી. યુરોપીયન સંઘ ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને દ્વિપક્ષીય વેપારની દૃષ્ટિએ ૨૦૨૩-૨૪મા ૧૩૫ અબજ યુએસ ડોલરનો વેપાર નોંધાયો હતો. આ કરારમાં મૂળ નિયમો અને બજાર પ્રવેશ સહિતના કેટલાક મહત્વના મુદ્દાઓ પર ટૂંકમાં સહમતિ મેળવવામાં આવી શકે છે.ઈયુના ટોચના રાજદ્વારીએ બુધવારે જણાવ્યું કે, ભારતને રશિયા સાથે સંબંધો હોવાથી અને તે તેની પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું હોવાના મુદ્દે બંને વચ્ચે ટ્રેડ ડીલમાં અવરોધ આવી શકે છે. ભારત અને રશિયા મોસ્કોમાં સંયુક્ત લશ્કરી અભ્યાસ પણ કરે છે. ઈયુ ભારત સાથે વેપાર કરાર માટે ઉત્સુક છે અને રક્ષા સહિતના ક્ષેત્રે સહયોગ માટે તૈયારી દર્શાવી છે. સંબંધો વધુ ગાઢ બનાવવામાં આંતરરાષ્ટ્રીય પરિબળો પણ અસર કરે છે તેમ ઈયુ વિદેશ નીતિના વડા કલાસે જણાવ્યું હતું.

## સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસનું નિવેદનઃ મંદિરના ઘંટ હોય કે મસ્જિદના લાઉડસ્પીકર, બધુ બંધ કરાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ રોહિંટન નરીમને તાજેતરમાં જ દેશભરની ધાર્મિક સંસ્થાઓમાં વપરાતા લાઉડસ્પીકર પર પ્રતિબંધ મૂકવાનું આહવાન કર્યું છે. તેમણે કહ્યું કે, આવી ધાર્મિક સંસ્થાઓ પછી ભલે તે મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા કે અન્ય કોઈપણ ધાર્મિક સ્થળ હોય, તેમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ, કારણ કે તે જાહેર આરોગ્ય માટે ખતરો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આના પર પ્રતિબંધ ન મૂકવામાં આવે, તો તે જાહેર આરોગ્ય પર સીધી અને મોટા પાયે અસર કરી શકે છે.

તેમણે કહ્યું કે, લાઉડસ્પીકર અને ઘંટ વગાડવા જેવી ધાર્મિક અભિવ્યક્તિઓ નાગરિકોના સ્વાસ્થ્ય અને શાંતિપૂર્ણ જીવનના અધિકારોનું ઉલ્લંઘન કરી રહી છે. તેથી, પક્ષપાતના આરોપોને ટાળવા માટે તમામ ધર્મોમાં આને સમાન રીતે નિયંત્રિત કરવા જોઈએ.

રિટાયર્ડ જસ્ટિસ રોહિન્ટન નરીમને આ વાત તાજેતરમાં તિરુવનંતપુરમના પ્રેસ ક્લબમાં કે.એમ. બશીર મેમોરિયલ લેક્ચર દરમિયાન કરી હતી. તેમણે કહ્યું કે, મને લાગે છે કે આજકાલ દરેક ધર્મ પોત-પોતાના વિરોધમાં વધુ જોરથી અવાજ ઉઠાવી રહ્યો છે અને ભગવાનને બહેરા બનાવી રહ્યા છે. મને લાગે છે કે કાં તો કોઈ મસ્જિદના લાઉડસ્પીકર પર બૂમો પાડી રહ્યા છે અથવા કોઈ મંદિરના ઘંટ જોર-જોરથી વગાડી રહ્યું છે. આ બધું બંધ થવું જોઈએ કારણ કે તેનાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે. તેમણે આગળ કહ્યું કે, જો તેનાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે, તો તે સીધુ સ્વાસ્થ્યના દાયરામાં આવે છે, અને મારું માનવું છે કે દરેક રાજ્યએ શક્ય તેટલી વહેલી તકે મસ્જિદો અને મંદિરોમાં લાઉડસ્પીકર અને ઘંટ વગાડવા જેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ, જેથી સવાર-સવારમાં લોકોને મુશ્કેલી ન પડે અને તેમની ઊંઘમાં ખલેલ ન પહોંચે. આ ફરીથી એક એવી બાબત છે જેને રાજ્યએ પોતાના હાથમાં લેવી જોઈએ અને તેને દરેક પર સમાન રીતે લાગુ કરવી જોઈએ જેથી તમે ફરીથી એવું ન કહી શકો કે તમે અમુક પક્ષને ટેકો આપી રહ્યા છો અથવા અમુક પક્ષનો વિરોધ કરી રહ્યા છો. તમારે તેના પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ. તમે ઓડિટોરિયમમાં લાઉડસ્પીકર લગાવી શકો છો જ્યાં દરેક વ્યક્તિ કોઈને સાંભળવા માંગે છે અને કંઈ બહાર આવતું નથી, પરંતુ તમે બહાર લાઉડસ્પીકર ન લગાવી શકો જેનાથી શોર અને ઉપદ્રવ થાય છે. આ ચર્ચાને બંધારણીય સંદર્ભમાં મૂકતા તેમણે યાદ અપાવ્યું કે, પ્રસ્તાવના અમે ભારતના લોકોથી શરૂ થાય છે, જેમાં દરેક નાગરિકો સામેલ છે, ન માત્ર બહુમતી અથવા કોઈ એક સમુદાય. અમે ભારતના લોકોનો અર્થ ભારતની બહુમતી અથવા ભારતની પુખ્ત પુરુષ વસતી નથી. તેનો અર્થ અમે ભારતના લોકો છે. તેથી, આપણે બધા ભારતના લોકો છીએ. આ એક એવી વાત છે જેને ક્યારેય ભૂલવી ન જોઈએ.




# તંત્રી લેખ......

## ઈઝરાયલ સામે મોરચાબંધી

આતંકવાદ વિરુદ્ધ ઈઝરાયલ પૂરી ક્ષમતાથી લડે છે, તેવી છાપ વિશ્વમાં છે. ઈઝરાયલ હમાસ ઉપર સતત હુમલા કરે છે. ઘટનામાં પણ હવે ન્યૂઝ એલિમેન્ટ એટલે કે સમાચારનું તત્ત્વ કે કોઈ નવી વાત રહી નથી. સતત યુદ્ધરત રાષ્ટ્ર તરીકે ઈઝરાયલ પંકાઈ ગયું છે, તેનું યુદ્ધ સામર્થ્ય, શસ્ત્રાગાર બધું જાણીતું છે. યુદ્ધનો મોરચો અને ઈઝરાયલ નવી વાત નથી, પરંતુ હવે ખૂલી રહેલું પરિમાણ થોડું ચિંતાજનક અને જોખમી છે. ૬૦ મુસ્લિમ રાષ્ટ્ર હવે એક થઈને ઈઝરાયલનો સામનો કરવા તૈયારી કરી રહ્યા છે. કતારમાં મળેલા શિખર સંમેલનમાં આના સંકેત નહીં, પરંતુ ઈરાદા જાહેર થઈ ગયા છે. જેમ નાટો છે તેમ ઈસ્લામિક રાષ્ટ્રોનું એક સંગઠન બનાવવાનું આયોજન થઈ ચૂક્યું છે. આ બધી ચર્ચા યુદ્ધ નહીં, પરંતુ જેને લગભગ વિનાશ કહી શકાય તેવા રક્તપાત તરફ અંગુલિનિર્દેશ કરે છે. અરબ અને ઈસ્લામિક દેશોના નેતાઓના શિખર સંમેલનમાં થયેલી ચર્ચા ઘણી સૂચક છે. નવમી સપ્ટેમ્બરે કતાર ઉપર ઈઝરાયલે કરેલા હુમલા પછી બોલાવાયેલી આ બેઠકમાં હુમલાની ટીકા થવી, તો સ્વાભાવિક હતી, પરંતુ આવા પ્રહારનો જવાબ હવે એક થઈને દેવાનો રહેશે, તેવું પણ ત્યાં નક્કી થયું છે. મુસ્લિમ દેશોએ આ હુમલાની આકરી નિંદા કરી અને અરબ દેશોની એક સંયુક્ત સેના બનાવવાની પણ ચર્ચા થઈ છે. ઈઝારાયલની આક્રમકતાને રોકવા માટે મુસ્લિમ દેશો પણ નાટો જેવું સંગઠન બનાવે તેની હવે જરૂર છે, તે વાત પર જોર મૂકવામાં આવ્યું. ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના દેશો બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરબ અને યુએઈના અન્ય સદસ્ય દેશોએ સુરક્ષા સંદર્ભે કરાર કર્યા. ઈઝરાયલ યુદ્ધના આંતરરાષ્ટ્રીય નિયમો તોડી રહ્યું છે, હમાસ તરફથી સમજૂતી માટે સંવાદ સાધી રહેલા નેતાઓ-પ્રતિનિધિઓને નિશાન બનાવીને ગાઝા યુદ્ધવિરામના પ્રયાસ પણ તે નિષ્ફળ બનાવી રહ્યું છે તેવો આક્ષેપ કતારના અમીર શેખ તમીમે સમિટમાં કર્યો. આ બધી વાતો એવું સ્પષ્ટ કરે છે કે, ઈઝરાયલ સામે મુસ્લિમ રાષ્ટ્રોનો ગુસ્સો હવે ચરમ પર છે. જીસીસી બચાવ ક્ષમતા વિકસાવવા માટે સક્રિય થયું છે. મુસ્લિમ રાષ્ટ્રોના વડા કે તેમના પ્રતિનિધિઓએ આ સમિટમાં ઈઝરાયલનાં વલણ વિરુદ્ધ અત્યંત સ્પષ્ટ રીતે પોતાનો અભિપ્રાય અને વ્યક્ત કર્યો છે, તેની સામે પગલાં લેવાં જોઈએ તેવી ભલામણ અમેરિકાને કરી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘમાંથી ઈઝરાયલની સદસ્યતા રદ થાય તે જરૂરી છે તેવું પણ તેમણે કહ્યું છે. એક તરફ રાજદ્વારી રીતે ઈઝરાયલ ઉપર દબાણ લાવવા માટેનો દૃઢ વિચાર છે, બીજી બાજુ પ્રહારોનો સામનો કરવા પણ આ રાષ્ટ્રો સજ્જ થઈ રહ્યા છે. જો મુસ્લિમ રાષ્ટ્રો એક થઈને ઈઝરાયલની સામે લડે તો જે આગ લાગે તેની જ્વાળાઓ કેટલા દેશો, મહાસત્તાઓની સીમાને અડે તે કલ્પી શકાય તેમ છે અને પછી શું થઈ શકે તેની કલ્પના જ થઈ શકે નહીં.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીમાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૧૭૮ નરમ, ચાંદીનો વાયદો રૂ.૨૩૩ તેજ: ક્રૂડ તેલમાં રૂ.૧નો મામૂલી સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૭૯.૩૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૨૯૦૭.૮૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૪૫૬૩.૯૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૪૯૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૦૧૬૮૭.૭૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૭૯.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૨૯૦૭.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૪૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૦૬.૪૧ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૪૫૬૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૧૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૮૦૨ અને નીચામાં રૂ.૧૦૮૬૯૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૯૮૨૨ના આગલા બંધ સામે રૂ.૧૭૮ ઘટી રૂ.૧૦૯૬૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૪ ઘટી રૂ.૮૮૦૩૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૧૧૦૧૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૬ ઘટી રૂ.૧૦૯૫૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૨૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૯૯૯ અને નીચામાં રૂ.૧૦૮૮૬૫ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦૦૨૬ના આગલા બંધ સામે રૂ.૨૨૨ ઘટી રૂ.૧૦૯૮૦૪ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૫૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૫૩૨ અને નીચામાં રૂ.૧૨૫૪૩૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૯૮૪ના આગલા બંધ સામે રૂ.૨૩૩ વધી રૂ.૧૨૭૨૧૭ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૯૨ વધી રૂ.૧૨૭૧૮૭ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૬૪ વધી રૂ.૧૨૭૧૫૪ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૨૯૩.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું સપ્ટેમ્બર વાયદો ૯૫ પૈસા વધી રૂ.૯૦૪.૭ થયો હતો. જસત સપ્ટેમ્બર વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૭૯.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૭૫ પૈસા વધી રૂ.૨૫૮.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું સપ્ટેમ્બર વાયદો ૨૫ પૈસા વધી રૂ.૧૮૩.૧૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૮૧૪.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૭૧ અને નીચામાં રૂ.૩૮૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૬ ઘટી રૂ.૩૮૬૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૬૩ અને નીચામાં રૂ.૫૫૯૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૪૬ના આગલા બંધ સામે રૂ.૧ વધી રૂ.૫૬૪૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧ ઘટી રૂ.૫૬૪૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ ૭૦ પૈસા વધી રૂ.૨૭૨.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૬૦ પૈસા વધી રૂ.૨૭૨.૨ના સ્તરે પહોંચ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૩.૮ના ભાવે ખૂલી, રૂ.૭.૬ વધી રૂ.૯૯૧.૯ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૩ વધી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૫૯૪.૭૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૮૯૬૯.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૭૯૭.૪૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૮.૨૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૧.૨૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૧૬.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૧૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૯૮૪.૬૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૦.૬૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૭૨ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૨૮૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૨૧૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૭૪૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૮૦૦૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૪૩૮૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૮૦૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૯૪૬૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૮૪૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૧૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૩૬૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૦૫૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૧૫૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૪૯૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૧૫૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૫ પોઈન્ટ ઘટી ૨૫૪૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૦૯.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા વધી રૂ.૮.૭ના ભાવે બોલાયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૦.૫ ઘટી રૂ.૭૦૦.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૧.૫ ઘટી રૂ.૮૧૨ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૩.૭૫ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા ઘટી રૂ.૧.૫૨ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૭૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૬.૩ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧.૫ ઘટી રૂ.૨૪૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૩.૫ ઘટી રૂ.૮૫૬.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૧ ઘટી રૂ.૩.૯૫ના ભાવે બોલાયો હતો.

### ૪૩૦૦ ચોરસ મિટર વિસ્તારમાં આયુર્વેદિક વૃક્ષો સહિત ૧૪ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરાશે

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત સાબરમતી વોર્ડ ખાતે વૃક્ષારોપણ કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં પદાધિકારીઓ સાથે સામુહિક વૃક્ષારોપણ કર્યું હતું.

તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક પેડ માં કે નામ' અને 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનમાં વૃક્ષારોપણ કરીને હરિત ગુજરાતનો સંદેશ આપ્યો હતો, સાથે સાથે નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા, તેમનું સંરક્ષણ કરવા અને હરિયાળું ગુજરાત બનાવવામાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરનું ગ્રીન કવર વધારવાના ઉમદા આશય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત મોટી સંખ્યામાં વૃક્ષો વાવવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. આ વર્ષે ફોર મિલિયન ટ્રીઝ અભિયાન માટે કરવામાં આવેલ સચોટ સૂક્ષ્મ આયોજન અને તે મુજબની વાસ્તવિક અમલવારીના કારણે તારીખ ૭ સપ્ટેમ્બર સુધીમાં



૪૦ લાખ ૮૦ હજાર ૧૮૦ રોપાનું વાવેતર પૂર્ણ થયું છે.

એટલું જ નહિ, પવિત્ર શ્રાવણ માસના ચાર સોમવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનમાં કુલ ૫૪,૮૮૩ તુલસીનું વિતરણ-વાવેતર કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસમાં આવતી અગિયારસના દિવસે તમામ ઝોનમાં ધાર્મિક મહત્વ ધરાવતા કદમ, પીપળો, સમી, સેવન, સીતાઅશોક અને બીલી જેવા વૃક્ષો મળી કુલ ૪૯૧ વૃક્ષોનું વિતરણ-વાવેતર કરવામાં આવેલું હતું.વડાપ્રધાનશ્રીના જન્મદિન ૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરના દરેક વોર્ડમાં એક ધાર્મિક સ્થળે તુલસી વિતરણના કાર્યક્રમ દ્વારા ૧૨,૮૨૦ તુલસીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ મિશન ૪ મિલિયન ટ્રીઝ અંતર્ગત વૃક્ષારોપણ માટેના સ્થળો ગુગલ મેપથી શોધવામાં આવે છે આ ઉપરાંત દરેક વાવેતર સ્થળનું જીઓ ટેગિંગ કરવામાં આવ્યું છે અને **LI-DAR** સર્વે ટેકનોલોજી દ્વારા વૃક્ષોની વૃદ્ધિ અને સર્વાઈવલ રેટનું મોનિટરીંગ પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુત્રજીવા વૃક્ષનું વાવેતર સાથે રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં ગુરૂવારે યોજવામાં આવેલા આ વૃક્ષારોપણ કાર્યક્રમ અન્વયે આ વિસ્તારમાં મિયાવાંકી પધ્ધતિથી ૪૩૦૦ ચોરસ મીટરમાં આયુર્વેદીક સહિત ૧૪ હજાર જેટલા વૃક્ષોના વાવેતરનું આયોજન છે, આ ઉપરાંત સેવા સપ્તાહ અંતર્ગત આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સોસાયટીઓ પણ જોડાઈ હતી.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન, સાંસદ શ્રી નરહરિ અમીન, ધારાસભ્ય શ્રી ડો શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી અમુલભાઈ ભટ્ટ , મ્યુનિ કમિશનર બંછાનીધી પાની, ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, ચેરમેન હેરિટેજ કમિટી જયેશ ત્રિવેદી, શાસક પક્ષનેતા ગૌરાંગ પ્રજાપતિ, દંડક શીતલ બહેન ડાગા, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ તથા **AMC**ના પદાધિકારીઓ/ કર્મચારીઓ, જેલના અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો, સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ, સહિત શહેરીજનો વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સૌએ પર્યાવરણ બચાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### વરિષ્ઠ કોંગ્રેસ નેતાની જીભ લપસી:

# કંગના રણૌત આવે તો થપ્પડ જ મારી દેજો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ,

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેત્રી કંગના રણૌતને લઈને તમિલનાડુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.એસ.અલગિરિએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે.

અલગિરિએ કહ્યું કે જો કંગના તમિલનાડુની મુલાકાત લે, તો તેમને થપ્પડ મારી દેજો. કોંગ્રેસના આ ભૂતપૂર્વ પ્રમુખે કંગના પર આરોપ મૂક્યો છે કે તેઓ અહંકારી છે અને બેજવાબદાર નિવેદનો આપે છે. તેમણે ચંદીગઢ એરપોર્ટ પર બનેલી થપ્પડની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ટિપ્પણી કંગનાના એક જૂના નિવેદનના સંદર્ભમાં કરવામાં આવી હતી, જેમાં કંગનાએ આરોપ લગાવ્યો હતો કે મહિલા કાર્યકરો વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા માટે ૧૦૦ લે છે. આ નિવેદનને લઈને સવાલ પૂછવામાં આવતાં અલગિરિએ આ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર, કોંગ્રેસ નેતાએ કહ્યું, કંગના રણૌતે ઘણી વાર આવી વાહિયાત વાતો કરી છે. એક વખત જ્યારે તેઓ દિલ્હી એરપોર્ટ પર હતા, ત્યારે એક મહિલા **CRPF** કર્મચારીએ તેમને થપ્પડ મારી હતી અને કહ્યું હતું કે તેમણે અપમાનજનક નિવેદનો આપ્યા હોવાથી આ કર્યું. જ્યારે તેઓ આ તરફ આવે, ત્યારે તમારે આ વાત ભૂલ્યા વગર તેમને થપ્પડ મારવી જોઈએ.વર્ષ ૨૦૨૦માં કૃષિ કાયદાઓ વિરુદ્ધ થયેલા આંદોલન દરમિયાન કંગનાએ એક ટ્વીટ કર્યું હતું. તેમના પર ૭૩ વર્ષીય મોહિન્દર કૌરનું અપમાન કરવાનો આરોપ લાગ્યો હતો. કંગનાએ કથિત રીતે ભૂલથી કૌરને શાહીન બાગના બિલ્કિસ બાનો સમજી લીધા હતા અને કહ્યું હતું કે આવી મહિલાઓ વિરોધ પ્રદર્શનમાં રૂ.૧૦૦ લઈને ભાગ લે છે.ગયા વર્ષે, કોન્સ્ટેબલ કુલવિંદર કૌરે ચંદીગઢ એરપોર્ટ પર કંગનાને થપ્પડ મારી હતી.

### સરકારના મોટા અધિકારીએ દાવો કર્યો

# અમેરિકા ટૂંક સમયમાં ૨૫ ટકા ટેરિફ પેનલ્ટી હટાવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ ૫૦% ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે અને ટ્રમ્પ દ્વારા રશિયન તેલ ખરીદી પર લાદવામાં આવેલ ૨૫% ટેરિફને હટાવી શકાય છે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ગુરુવારે આ આશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકા ટૂંક સમયમાં ભારતીય માલ પરનો વધારાનો ટેરિફ દૂર કરી શકે છે અને પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૦થી ૧૫% કરી શકે છે. સીઈએએ ભારત-અમેરિકા વેપાર કરાર પર પ્રગતિનો પણ સંકેત આપ્યો હતો.

કોલકાતામાં એક કાર્યક્રમમાં બોલતા સીઈએ નાગેશ્વરને કહ્યું કે તેમને અપેક્ષા છે કે આગામી ૮થી ૧૦ અઠવાડિયામાં ટેરિફનો મુદ્દો ઉકેલાઈ જશે. તેમણે કહ્યું, "મને વિશ્વાસ છે કે આગામી થોડા મહિનામાં ઓછામાં ઓછા ૨૫% વધારાના ટેરિફનો ઉકેલ મળી જશે." બિઝનેસ ટુડેમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, નાગેશ્વરને વધુમાં જણાવ્યું હતું કે વેપાર કરાર અંગે બંને દેશો વચ્ચે વાટાઘાટોમાં તેજીના સંકેતો છે, જે આશરે ૫૦ અબજ ડોલરના ભારતીય નિકાસ પરના દબાણને ઘટાડી શકે છે.

ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર સોદો કૃષિ અને ડેરી ઉત્પાદનો સહિતના મુદ્દાઓ પર અટકી ગયો હતો અને ટ્રમ્પના વધારાના ટેરિફ પછી વાટાઘાટો અટકી ગઈ હતી. જોકે, તાજેતરમાં યુએસ પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર પીએમ મોદીને તેમના સારા મિત્ર ગણાવ્યા હતા અને વેપાર સોદાના સફળ નિષ્કર્ષનું વચન આપ્યું હતું. આ પછી આ અઠવાડિયાની શરૂઆતમાં યુએસ મુખ્ય વાટાઘાટકાર બ્રેન્ડન લિંચે વેપાર સોદા પર છઠ્ઠા રાઉન્ડની વાટાઘાટો માટે નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને ભારતના મુખ્ય વેપાર વાટાઘાટકાર રાજેશ અગ્રવાલ સાથે લગભગ સાત કલાક લાંબી ચર્ચા કરી હતી.

# ટેરિફ બાદ ટ્રમ્પે નવો ફણગો ફોડ્યો: ભારત, પાક., અફઘાનિસ્તાન અને ચીન મોટા ડ્રગ્સ ઉત્પાદન કેન્દ્રો

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે નવો ફણગો ફોડયો છે. તેણે, ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીનને વિશ્વના અગ્રણી ડ્રગ્સ ઉત્પાદન કેન્દ્ર ગણાવ્યા છે, જે અમેરિકાના યુવાધનને પાયમાલ કરે છે. ટ્રમ્પે યુએસ કોંગ્રેસ સમક્ષ રજૂ કરેલા પ્રેસિડેન્સિટલ ડિટરમિનેશન વિશ્વના કુલ ટોચના ૨૩ ડ્રગ ઉત્પાદન કરતાં દેશો, કેન્દ્રો અને ટ્રાન્ઝિટ રુટ તરીકે ઉપયોગમાં લેવાતા દેશોની યાદી સોંપી હતી. ટ્રમ્પના જણાવ્યા મુજબ આ દેશોમાં ભારત,પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીન ઉપરાંત બહામાસ, બેલિઝ, બોલિવિયા, બર્મા, કોલંબિયા, કોસ્ટારિકા, ડોમિનિકન રિપબ્લિકન, અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડુરાસ, જમૈકા, લાઓસ, મેક્સિકો, નિકારાગુઆ, પનામા, પેરુ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.ટ્રમ્પે આ દેશોના નામ કોંગ્રેસને સોંપ્યા છે. આ દેશો અમેરિકા અને અમેરિકન નાગરિક માટે જોખમી હોવાનું જણાવ્યું છે. આ દેશો અમેરિકામાં ગેરકાયદે ડ્રગ્સ ઘૂસાડવા અને ક્યાં તો તેમના પરિવહન કે ઉત્પાદન માટે જાણીતા છે. પ્રેસિડેન્સિયલ ડિટરમિનેશનમાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કેઆ ૨૩ દેશોમાંથી પાંચ દેશો અફઘાનિસ્તાન, બોલિવિય, બર્મા, કોલંબિયા અને વેનેઝુએલા તો ડ્રગ્સના દૂષણને નાથવામાં સદંતર નિષ્ફળ ગયા હતા. આના પગલે તાજેતરમાં જ અમેરિકાએ આવા જ એક વેનેઝુએલાના ડ્રગ્સની તસ્કરી કરતા જહાજ પર હુમલો કરવો પડયો હતો. આ દેશોમાં ઉત્પાદિત થતાં ગેરકાયદે ડ્રગ્સ અને કેમિકલ્સ અમેરિકન નાગરિક માટે જોખમી છે. વિદેશ વિભાગે સ્પષ્ટતા કરી હતી કે જરુરી નથી કે આ યાદી સરકારની ડ્રગ્સના દૂષણ સામેની કાર્યવાહીનું પ્રતિબિંબ પાડે. તેમણે જણાવ્યું હતું કે ચીન અમેરિકા સહિત વિશ્વમાં ફેન્ટાનીલનું સૌથી મોટું પુરવઠાકાર છે. તે મોટાપાયા પર સિન્થેટિક નાર્કોટિક્સ જેવા કે નીતાઝેન્સ અને મટામેમ્ફેટાઈન પૂરાં પાડે છે.

# ભાવનગર ટર્મિનસથી ચાલતી ભાવનગર – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ ૧૨ ઑક્ટોબર સુધી રદ

મુસાફરોની માહિતી માટે જણાવવામાં આવે છે કે કામગીરીજન્ય કારણોસર પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળથી ચાલતી ભાવનગર ટર્મિનસ – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ તાત્કાલિક અસરથી રદ રહેશે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર વિગતવાર વિગતો આ મુજબ છે:

૧. ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર ટર્મિનસ – શહીદ કેપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ એક્સપ્રેસ તા. ૨૧.૦૯.૨૦૨૫, ૨૮.૦૯. ૨૦૨૫, ૦૫.૧૦.૨૦૨૫ તથા ૧૨.૧૦.૨૦૨૫ ના રોજ સંપૂર્ણપણે રદ (Fully Cancelled) રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૦૮ શહીદ કેપ્ટન તુષાર મહાજન – ભાવનગર ટર્મિનસ જન્મભૂમિ એક્સપ્રેસ તા. ૨૨.૦૯.૨૦૨૫, ૨૯.૦૯.૨૦૨૫, ૦૬.૧૦.૨૦૨૫ તથા ૧૩.૧૦.૨૦૨૫ ના રોજ સંપૂર્ણપણે રદ (Fully Cancelled) રહેશે.

યાત્રિયોને વિનંતી છે કે તેઓ પોતાની મુસાફરીની યોજના ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને બનાવે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના તથા સમયસૂચિ સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરી રેલવેની અધિકૃત વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** પર મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. ૧૯૨૦૬ મહુવા–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ તથા ટ્રેન નં. ૫૯૨૨૯ બોટાદ–ભાવનગર ટર્મિનસ પેસેન્જરનો સમય ફેરફાર

યાત્રિયોની સુવિધા, ટ્રેનોની સમયપાબંધીમાં સુધારો તેમજ સુચારૂ સંચાલન સુનિશ્ચિત કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી ટ્રેન નં. ૧૯૨૦૬ મહુવા–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ તથા ટ્રેન નં. ૫૯૨૨૯ બોટાદ–ભાવનગર ટર્મિનસ પેસેન્જરનો સમય બદલવામાં આવ્યો છે. આ બંને ટ્રેનોનો સુધારેલ સમય નીચે મુજબ રહેશે:

૧. ટ્રેન નં. ૫૯૨૨૯ – બોટાદ–ભાવનગર ટર્મિનસ પેસેન્જર

- બોટાદ જં. પરથી પ્રસ્થાન હવે સવારે ૦૬.૫૦ વાગ્યે થશે (જૂનો સમય ૦૭.૧૦ વાગ્યે હતો).
- ભાવનગર ટર્મિનસ પર આગમન હવે સવારે ૦૯.૧૦ વાગ્યે થશે.
- માર્ગના મુખ્ય સ્ટેશનો પર પ્રસ્થાન સમય ૧૦થી ૧૫ મિનિટ સુધી અગાઉ કરવામાં આવ્યો છે.

૨. ટ્રેન નં. ૧૯૨૦૬ – મહુવા–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ

- મહુવા જં. પરથી પ્રસ્થાન બપોરે ૦૩.૧૦ વાગ્યે થશે (જૂનો સમય ૦૩.૦૦ વાગ્યે હતો).
- ભાવનગર ટર્મિનસ પર આગમન રાત્રે ૦૭.૫૦ વાગ્યે યથાવત્ રહેશે.
- મધ્યવર્તી સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમયમાં જરૂર મુજબ ફેરફાર કરવામાં આવ્યો છે.

યાત્રિયોને વિનંતી છે કે તેઓ મુસાફરી પહેલા પોતાના ગંતવ્ય સ્ટેશનોના સુધારેલ આગમન તથા પ્રસ્થાન સમયની માહિતી વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** પરથી મેળવી લે. આ ફેરફાર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી અમલમાં રહેશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ગુજરાતનુ શ્રમ કલ્યાણ બોર્ડ ૨૦૧૭ થી ઠપ : ૭૨ ટકા જગ્યાઓ ખાલી : કેગના રીપોર્ટમાં બહાર આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર



કેગના રીપોર્ટમાં ગુજરાતના બાંધકામ કામદાર કલ્યાણ પ્રણાલીમાં રહેલી ખામીઓનો પર્દાફાશ થયો છે. બોર્ડ ૨૦૧૭ થી વચ્યુઅલ રીતે સભ્યો વિના કાર્યરત છે. ૭૨ ટકા જગ્યાઓ ખાલી છે, ૨૨૪૩ કરોડ સરકારી ખાતાઓમાં અટવાયેલા છે, સ્ટાફની તિવ્ર અછત લાખો કામદારોને જોખમમાં મુકે છે,

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ (કેગ) ના અહેવાલ મુજબ ગુજરાતમાં બાંધકામ કામદારો માટે કલ્યાણ વ્યવસ્થા કથળી ગઈ છે. અહેવાલમાં જણાવાયુ છે કે રાજયનુ મુખ્ય શ્રમ કલ્યાણ બોર્ડ ૨૦૧૭ થી અપુરતા સભ્યોથી કાર્યરત છે અને નિયમિત કર્મચારીઓ માટેની ૭૨ ટકા જગ્યાઓ ખાલી છે. ગુજરાત વિધાનસભામાં રજુ કરાયેલા ઓડીટમાં ગંભીર વહિવટી નિષ્ફળતાનો પર્દાફાશ થયો છે. બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (બીઓસીડબલ્યુ) વેલ્ફેર બોર્ડ, જે કાયદેસર રીતે કામદારો અને નોકરી દાતાઓનુ પ્રતિનિધિત્વ કરવાનુ માનવામાં આવે છે તે છેલ્લા ૫ વરસથી એક જ સરકારી અધિકારી દ્વારા ચલાવવામાં આવે છે. વધુમાં નિષ્ણાંત સલાહકાર સમિતિ જેણે નીતિ માર્ગદર્શન પુરુ પાડવુ જોઈતુ હતુ તે ૨૦૧૧ થી સંપુર્ણપણે ગેરહાજર છે. આ સંસ્થાકીય નિષ્ફળતાને કારણે રાજયના સૌથી સંવેદનશીલ કામદારો માટે ફાળવવામાં આવેલા ભંડોળનુ ગંભીર નાણાંકીય ગેરવહિવટ થયુ છે. ૨૦૦૬ થી કલ્યાણ ઉપકર તરીકે એકત્રીત કરાયેલા રૂપીયા ૪,૭૮૭.૬ કરોડમાંથી ૪૭ ટકા અથવા આશરે ૨૨૪૩ કરોડ સરકારી ખાતાઓમાં અટવાયેલા અને વપરાયેલા જોવા મળે છે. વધુમાં ઔપચારીક કલ્યાણ બોર્ડ કયારેય સ્થાપિત કરવામાં આવ્યુ ન હતુ અને તેના બદલે સેસ ભંડોળને ડાયવર્ટ કરવામાં આવ્યુ હતુ જેના પરીણામે કુલ રકમનો માત્ર અડધો ભાગ બોર્ડને જારી કરવામાં આવ્યો હતો. રીપોર્ટમાં એમપણ જણાવાયુ છે કે આ સ્થિર પરીસ્થિતિએ ક્ષેત્રીય કામગીરી ને ખોરવી નાખી છે. નિરીક્ષક સ્તરે ૪૨ ટકા જગ્યાઓ ખાલી હોવાથી જિલ્લાઓમાં મુખ્ય અમલીકરણ અધિકારીઓનો પણ અભાવ છે. આ સ્ટાફની અછત એવા સમયે આવી છે જયારે ૨૦૧૭ અને ૨૦૨૨ ની વચ્ચે રાજયમાં બાંધકામ સંસ્થાઓની સંખ્યામાં ૬ ઘણો વધારો થયો છે. જેના કારણે વધતી જતી કાર્યબળ સંપૂર્ણપણે સંવેદનશીલ બની ગઈ છે.

# 'સહી પોષણ દેશ રોશન'ના સંકલ્પ સાથે થશે સુપોષિત ગુજરાતનું નિર્માણ

કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને 'પોષણ માસ' તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષે તેનું આઠમું સંસ્કરણ યોજાઈ રહ્યું છે. સરકાર, નાગરીકો અને સંસ્થાઓના અથાગ પ્રયત્નોના પરીણામે પોષણ અભિયાન સાચા અર્થમાં જન આંદોલન બન્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયનાં બાળકો, માતાઓ અને કિશોરીઓને વધુ સુપોષિત બનાવવા અનેક પોષણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આ વર્ષે દેશભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન પોષણ માસની ઊજવણી કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહી પોષણ દેશ રોશન'ના આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે અનેક પોષણલક્ષી નવતર આયામો હાથ ધર્યા છે. ભારતને કુપોષણ મુક્ત બનાવવાની નેમ સાથે દેશભરમાં વર્ષ ૨૦૧૮થી દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં 'પોષણ પખવાડિયું' અને સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય પોષણ માસ' ઊજવવામાં આવે છે. આ મિશનનો હેતુ દરેક નાગરીકના જીવનમાં તંદુરસ્તી અને સંતુલિત આહાર સુનિશ્ચિત કરવાનો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારીતા એમ બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.

પોષણ માસ દરમિયાન મુખ્ય ૬ થીમ પર રાજ્યમાં ઊજવણી કરવામાં આવશે. જેમાં પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને નાગરીકોને પોષણ અંગે જાગૃત કરવામાં આવશે.

(૧) સ્થૂળતા અંગે જાગૃતિ- ખાંડ, મીઠું અને તેલના વપરાશ ઘટાડવો

સ્થૂળતા એ વૈશ્વિક ચિંતાનો વિષય બન્યો છે અને તેનાથી બચવા માટે જાગૃતિ કેળવવી અત્યંત આવશ્યક છે. આ માટે, આપણે આપણા આહારમાં ખાંડ, મીઠું અને તેલનો વપરાશ ઘટાડવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. આ ત્રણેય ઘટકોનો વધુ પડતો ઉપયોગ શરીરના વજનમાં વધારો કરે છે, જેના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધે છે. આ અંગે જનજાગૃતિની પ્રવૃત્તીઓ કરવામાં આવશે.

(૨) પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ / પોષણ ભી પઢાઈ ભી

પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈઝઝઈ) એ બાળકના સર્વાંગી વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. આ કાર્યક્રમ અંતર્ગત 'પોષણ ભી પઢાઈ ભી' (ૐ) પહેલ શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને પૌષ્ટિક આહારની સાથે સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમ બાળકોના શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસને સુનિશ્ચિત કરે છે. આ પહેલ હેઠળ, આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમત-ગમત આધારિત શિક્ષણ અને સંતુલિત આહાર અપાય છે.

(૩) સંયુકત પગલાં અને ડીઝીટલાઈઝેશન

પોષણની કામગીરી પર સર્વાંગી રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, મહિલા અને બાળ વિકાસ, પર્યાવરણ જેવા વિભાગો સાથે મળીને કામ કરવામાં આવે છે. સ્થાનિક સંસ્થાઓ, ફ્રન્ટલાઈન કાર્યકરો (આંગણવાડી, આશા), શાળાઓ અને સમુદાયો સાથે સંકલન કરી આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. ઝડપ અને ચોકસાઈ વધારવા માટે કાગળ આધારિત ડેટાથી મોબાઈલ-એપ્લિકેશન પોષણ ટ્રેકરમાં કામગીરી કરવામાં આવે છે.

(૪) નવજાત શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાઓ

નવજાત શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાઓ બાળકના યોગ્ય વિકાસ અને પોષણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જન્મના પહેલા છ મહિના સુધી નવજાત શિશુ માટે ફક્ત માતાનું દૂધ જ સર્વોત્તમ આહાર છે. ત્યારબાદ છ મહિના પછી બાળકોને પૂરક આહાર આપવાની શરૂઆત કરવી જોઈએ. આ પ્રથાઓનું પાલન કરવાથી બાળકોને સુપોષીત બનાવી શકાશે. આ પોષણ માસમાં માતા-પિતાને આ બાબતે જાગૃત કરાશે.

(૫) બાળકોના પોષણ અને સાર સંભાળમાં પુરૂષોની સહભાગીતા વધારવી

બાળકોના પોષણ અને સાર સંભાળમાં માત્ર માતા જ નહીં પરંતુ પિતા અને પરિવારના અન્ય પુરૂષ સભ્યોની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ છે. પુરુષોની સક્રિય ભાગીદારી બાળકોના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે. આનાથી પરિવારમાં પોષણ અને આરોગ્ય સંબંધિત નિર્ણયો લેવામાં સરળતા આવશે અને માતા પરનો ભાર પણ હળવો થશે. પિતા બાળકોની સંભાળ રાખવામાં સહભાગી થાય છે ત્યારે બાળકોમાં સુરક્ષાની ભાવના વધે છે અને તેમનો માનસિક અને ભાવનાત્મક વિકાસ વધુ સારો થાય છે.

(૬) 'વોકલ ફોર લોકલ' – સ્થાનિક ખાદ્ય પદાર્થો અને ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન

'વોકલ ફોર લોકલ' એ આત્મનિર્ભર ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પહેલ સ્થાનિક ખાદ્ય પદાર્થો અને પરંપરાગત ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. આપણા દેશમાં દરેક પ્રદેશમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના પૌષ્ટિક અને સ્વસ્થ આહાર આધુનિક પ્રોસેસ્ડ ફૂડ કરતાં વધુ ફાયદાકારક છે. સ્થાનિક ખોરાકનું સેવન કરવાથી માત્ર શરીરને જ નહીં પરંતુ પર્યાવરણ અને સ્થાનિક અર્થતંત્રને પણ ફાયદો થશે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સકારાત્મક પ્રયત્નો અને સમાજના સહયોગથી 'સ્વસ્થ અને સુપોષિત ગુજરાત' બનાવવાની દિશામાં પોષણ અભિયાન એક મજબૂત પગલું સાબિત થઈ રહ્યું છે.

- ઋચા રાવલ

### માજી સૈનિકોનો ભાજપથી મોહભંગ

# પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ૧૦૦ ભૂતપૂર્વ સૈનિકોએ પક્ષ છોડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના માજી સૈનિકો તેમની પડતર માંગણીઓને લઈને છેલ્લા પાંચ વર્ષથી અવારનવાર લેખિત અને મૌખિકમાં સરકારને રજૂઆત કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી માજી સૈનિકો ગાંધીનગરમાં એકઠા થઈને આંદોલન પર ઉતર્યા છે. તેવામાં પ્રશ્નોનું નિરાકરણ ન આવતા માજી સૈનિક સેવા ફાઉન્ડેશન ગુજરાતના અધ્યક્ષ જીતેન્દ્ર નિમાવત સહિત ૧૦૦ જેટલાં ભાજપમાં જોડાયેલા માજી સૈનિકોએ પોતાનું રાજીનામું ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલને સોંપ્યું છે. માજી સૈનિક સેવા ફાઉન્ડેશન ગુજરાતના અધિકૃત લેટરહેડમાં જણાવ્યું છે કે, સમસ્ત ગુજરાતના માજી સૈનિકો દ્વારા વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ તથા લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપ પક્ષ માટે પુરા દિલથી ઉમદા કામગીરી કરીને પાર્ટીને વિજયમાં મોટા ફાળો આપ્યો. પરંતુ સરકારે અમારી મહેનતને અવગણીને અમારા પ્રશ્નોનો હજુ સુધી નિકાલ કરવામાં આવ્યો નથી. માજી સૈનિકોએ જણાવ્યું કે, અમે બહોળી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયા હોવા છતાં માજી સૈનિકોના કલ્યાણ માટેના નિયમો તથા જાહેરનામાઓ થયેલા છે, એ નિયમોનું પાલન સરકાર દ્વારા ના કરાવી શકતા હોય અને જો સરકાર અમારું ના સાંભળતી હોય તો સામાન્ય જનતાનું શું સાંભળે? એટલે હવે તમામ માજી સૈનિકોએ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

# અમદાવાદમાં ૫ મહિનામાં ૫૦ હત્યાના બનાવો છતાં પોલીસ કમિશ્નરને ક્રાઈમ કંટ્રોલમાં લાગે છે

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદ શહેરમાં ગુન્હાખોરીનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેમાં હત્યાના બનાવો સૌથી વધુ બની રહ્યા છે, અમદાવાદ પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં શહેર પોલીસના અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. છેલ્લા ૫ મહિનામાં અમદાવાદ શહેરમાં હત્યાના ૫૦ ગુન્હા નોંધાયા છે, છતાં છેલ્લા ૩ વર્ષની સરખામણીમાં ક્રાઈમ ઓછો હોવાનુ પોલીસ કમિશ્નરનુ કહેવુ છે. પોલીસે ગુન્હાખોરીનો ડેટા જાહેર કર્યો છે. જો કે હત્યાનો ડેટા જાહેર નથી કર્યો,

શહેર પોલીસ કમિશ્નર જી એસ મલીકે જણાવ્યુ હતુ કે છેલ્લા ૩ વરસમાં ક્રાઈમમાં ઘટાડો થયો છે. અમદાવાદને સેફેસ્ટ સીટી જાહેર કરવામાં આવી છે, અમદાવાદમાં કોઈ એવુ વાતાવરણ પણ નથી, ક્રાઈમ કંટ્રોલમાં છે , લુંટના ગુન્હા ૯૮ ટકાથી વધુ ડીટેકટ થયા છે, ધાડના ગુન્હા ૧૦૦ ટકા ડીટેકટ થયા છે, ઘરફોડ ચોરી ૫૬.૭૧ ટકા ડીટેકટ થઈ છે, સી સી ટીવીનો પ્રોજેકટ ચાલી રહ્યો છે, જેમાં ખાનગી લોકો સાથે મળીને ૨૭ હજાર થી વધુ સી સી ટીવી જાહેરમાં લગાવ્યા છે. જેની ફીડ પોલીસ સ્ટેશન અને કંટ્રોલરૂમમાં મળે છે. મોટા ગૂન્હામાં સી સી ટીવી મદદરૂપ છે. સીસીટીવી કેમેરાની મદદથી ગુન્હા ઉકેલી શકાય છે. શહેરમાં વધુમાં વધુ સીસીટીવી લગાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. અમુક વિસ્તારો પણ શહેરમાં વધ્યા છે. એસપી રીંગ રોડ અમદાવાદ પોલીસની હદમાં આવ્યો છે.

૧૩ નવેમ્બરની મોડી રાત્રે અમદાવાદમાં ઠક્કરનગર બ્રિજ પાસે આવેલા કૈલાસધામ વિભાગ ૧ માં હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં બિલ્ડર હિંમતભાઈ રૂડાણીની તિક્ષ્ણ હથિયાર થી હત્યા કરેલી લાશ મળી આવી હતી. બીજા દિવસે આ હત્યા કેસના સગીર સહિત ૩ આરોપીઓની રાજસ્થાનના શિરોહી થી ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓની પુછપરછમાં હિંમતભાઈ રૂડાણીના પુર્વ પાટર્નર મનસુખ લાખાણી ઉર્ફે જેકી એ ૧ કરોડ રૂપીયા રોકડા અને ૧ મકાનની સોપારી આપી હત્યા કરાવી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. બંને વચ્ચે ૨૦૨૦ થી વિવાદ શરૂ થયો હતો, બંને વચ્ચેની ભાગીદારી છુટી કરવા માટે ૨૫ કરોડની લેતીદેતીમાં મનદુઃખ થયુ હતુ, જેનુ પરીણામ ગંભીર આવ્યુ, પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાની સોપારી આપનાર મનસુખ લાખાણીની ધરપકડ કરી લીધી હતી. હત્યા કેસમાં ઝડપાયેલા હિમાંશુ અને પપ્પુને લઈ ઘટનાસ્થળ પર રીકન્ટ્રકશન કરાવ્યુ હતું. આ સમયે પોલીસ દ્વારા જાહેરમાં જ આરોપીઓ હોવાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા સવાલો ઉઠયા હતા.

૧૨ સપ્ટેમ્બર વહેલી સવારે ૩:૩૦ વાગ્યાની આસપાસ પાલડી વિસ્તારમાં અંજલી ઓવરબ્રિજ નીચે પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટર દુર જ નામચીન નૈસલ ઠાકોર નામના યુવકની જાહેરમાં હત્યા કરાઈ હતી. ૭ થી ૮ અજાણ્યા શખ્સો નંબર પ્લેટ વગરની કારમાં આવ્યા હતા. એ અગાઉ નૈસલ ઠાકોરને ટક્કર મારી નીચે પાડી દીધો હતો. ત્યારબાદ ગાડીમાંથી ઉતરી ધારીયા અને છરીના ઉપરા ઉપરી ઘા મારી તેને પતાવી દીધો હતો. ૨૨ ઓગસ્ટે અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં ચાલી રહેલી ગેંગવોરમાં યુવકનુ અપહરણ કરીને તેની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. રોડ ની વચ્ચે જ ૧૦ થી વધુ લોકો ધારીયા જેવા ઘાતક હથિયારો સાથે એક યુવક પર તુટી પડયા હતા. થોડા સમય અગાઉ યુવકના ભાઈ પર જયાં હુમલો થયો હતો એ જ સ્થળે યુવકની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી. હત્યા કરનાર આરોપીઓ ચાઈનાગેંગ સાથે સંકળાયેલા હતા. ગુન્હાહીત પ્રવૃતિઓ માટે ચમનપુરાની આ ગેંગ કુખ્યાત છે. લોહીયાળ ગેંગવોરના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. થોડા મહિનાઓ અગાઉ ચાણકયાપુરીમાં આવેલી શિવમ આર્કેડ એપાર્ટમેન્ટ માં મોડી રાત્રે સોસાયટીના ચેરમેને દારૂ અંગે ઠપકો આપતા ટપોરીઓ હથિયાર સાથે ઘુસી ગયા હતા અને આતંક મચાવ્યો હતો. તેમજ પથ્થરમારો કરતા લોકો ભયમાં મુકાઈ ગયા હતા. આ સમગ્ર બનાવના વિડીયો પણ સામે આવ્યા હતા.

૧૪ એપ્રિલે રાત્રે શહેરના રખીયાલ વિસ્તારમાં ગુંડાઓએ આતંક મચાવ્યા બાદ ૧૬ એપ્રિલે તે જ વિસ્તારમાં લુખ્ખાઓએ એક યુવકનુ અપહરણ કરી બેઝ બોલ ની સ્ટીક મારી અધમુઓ કરી નાખ્યો હતો અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ૪ ઓગસ્ટે મીડ યર ૨૦૨૫ ના ન્યુમબિયો સેટી ઈન્ડેક્ષ રીપોર્ટમાં અમદાવાદ શહેરને ભારતનુ સૌથી સુરક્ષિત શહેર જાહેર કરાયુ હતુ, આ જાહેરાત પાછળ મુખ્ય ચાર પરીબળ દર્શાવ્યા હતા. જેમાં લોકોની સુરક્ષા માટે ૨૫ હજાર સીસીટીવી લગાવાયા છે. પોલીસની પીસીઆરનો રીસ્પોન્સ સમય સરેરાશ ૫ મીનીટ છે, મહિલા-બાળકો અને વૃધ્ધો માટે ૫૦ શી ટીમની કામગીરી તેમજ ગંભીર ગુન્હાનો ડીટેકશન દર ૯૫ થી ૧૦૦ ટકા અને ગંભીર ગુન્હાઓના પ્રમાણમાં ઘટાડો કારણભુત છે. ત્યારે અમદાવાદ શહેરની કાયદો વ્યવસ્થાની પરીસ્થિતિ તો કંઈક અલગ જ જોવા મળી રહી છે. ૧૫ એપ્રિલ ૨૦૨૫ ની સાંજે અમદાવાદમાં એક ટેક્ષી ડ્રાઈવરે બેફામ ડ્રાઈવીંગ કરી એક બાદ એક વાહનોને અડફેટે લીધા હતા. જુહાપુરા વિસ્તારમાં ટોળાએ એક ટેક્ષી ચાલકને આંતરી કાયદો હાથમાં લઈ ઢોર માર મારતા ચાલકનુ મોત નિપજયુ હતું.

૧૩ માર્ચે વાનમાં અસામાજિક તત્વોએ તલવારોથી મચાવેલા આતંકથી લઈ ૧૫ એપ્રિલ સુધીના એક મહિનામાં હત્યાઓ અને અકસ્માતોએ પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે. અમદાવાદ શહેરમાં ગુન્હાખોરી વધી છે. જેમાં હત્યાના બનાવ સૌથી વધુ બન્યા છે. અમદાવાદ પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં શહેર પોલીસના અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. છેલ્લા ૫ મહિનામાં શહેરમાં હત્યાના ૫૦ ગુન્હા નોંધાયા છે. છતાં છેલ્લા ૩ વરસની સરખામણીમાં ક્રાઈમ ઓછો હોવાનુ પોલીસ કમિશ્નરનુ કહેવુ છ. પોલીસે ગુન્હાખોરીનો ડેટા જાહેર કર્યો છે. જો કે હત્યાનો ડેટા જાહેર નથી કર્યો .

# ગુજરાતમાં જ ભાજપ વિરૂધ્ધ નવુ સંગઠન બનાવ્યું ? તેમાં પણ આરએસએસ અને ભાજપના જ લોકો : ભાજપનો આવો વિરોધ ગુજરાતમાં જ ?

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત છેલ્લા ૩૦ વરસથી ભાજપનો અદમ્ય ગઢ રહ્યુ છે, આનુ કારણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) નો પ્રભાવ છે જે ભાજપનુ હિન્દુત્વવાદી રાજકારણ છે, પરંતુ જો બંને પરીબળોમાં કોઈ મોટુ કારણ હોય તો તે મુખ્યમંત્રી બનેલા પીએમ નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા, તેમના પ્રત્યે લોકોનો અપાર પ્રેમ છે, હા આ જ કારણ છે કે ગયા વરસે લોકસભા ચુંટણીમાં વડોદરામાં જયારે તત્કાલીન ભાજપ સાંસદ રંજનબેન ભટ્ટ સાથે રોષ સામે આવ્યો ત્યારે ભાજપે ટીકીટની જાહેરાત કર્યા પછી પણ ઉમેદવાર બદલી નાખ્યો હતો. આ પછી એવુ માનવામાં આવતુ હતુ કે ગુજરાતની સાંસ્કૃતિક રાજધાની (વડોદરા) મા બધુ સારૂ થશે, લોકસભા ચુંટણીમાં વડોદરાના લોકોએ અજાણ્યા ઉમેદવાર ડો.હેમાંગ જોશીને ૬ લાખ થી વધુ મત આપ્યા જેથી પીએમ મોદી ત્રીજી વખત પીએમ બને, કારણ કે વડોદરા પીએમ મોદીની રાજકીય સફર સાથે સીધો જોડાયેલો છે. પરંતુ ગુજરાતમાં મ્યુનીસીપલ ચુંટણીઓ પહેલા મોદી પ્રેમીઓએ વડોદરામાં એક નવુ સંગઠન બનાવ્યુ છે. આ ઘટનાએ ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે.

મધ્ય ગુજરાતના કેન્દ્ર બરોડામાં વડોદરા નવનિર્માણ સંઘ (વીએનએસ) માં થી આ સંગઠનની રચના કરવામાં આવી છે. આ પ્લેટફોર્મ આરએસએસ અને નાગરીક સમાજ સાથે સંકળાયેલા લોકો દ્વારા બનાવવામાં આવ્યુ છે. આ સંગઠનના સલાહકારો કિર્તિ એન પરીખ (૭૦ ) અને ભાલચંદ્ર પાઠક (૮૨) છે. બંને સંઘ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત હરણી બોટ દુર્ઘટનામાં પીડીતોનો કેસ લડનારા પ્રખ્યાત વકીલ હિતેશ ગુપ્તા અને એમએસયુ ના પ્રોફેસર સતિષ પાઠક પણ આ સંગઠન સાથે સંકળાયેલા છે. વડોદરા નવ નિર્માણ સંઘના કન્વીનર હાર્દિક દોશી કહે છે કે તેમના પ્રયાસોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, ૨૩ ઓગસ્ટના રોજ શરૂ કરાયેલ વીએનએસ માં અત્યાર સુધીમાં ૬ હજાર પ્રભાવશાળી લોકો જોડાયા છે. આ સંગઠન બનાવવાનો હેતુ શું છે તે પુછવામાં આવતા દોશી કહે છે કે આ સંગઠનનો જન્મ વડોદરાની સ્થિતિને કારણે થયો હતો. આગામી ચુંટણીઓ માટે સંગઠન સારા ચહેરાઓ શોધી રહ્યુ છે. જેથી શહેરનો વિકાસ થઈ શકે, સંઘ ચુંટણી રાજકારણમાં પ્રવેશવા માગતો નથી પરંતુ જો રાજકીય પક્ષોમાંથી યોગ્ય ઉમેદવારો ન આવે તો સંઘ તેના પર વિચાર કરશે. વીએનએચ સલાહકાર અને સ્થાપક કિર્તિભાઈ પરીખ મોદી પ્રત્યેના પ્રેમ માટે જાણીતા છે, ૨૦૦૦ માં તેઓ જુના શહેરના વડોદરાના નગર કાર્યવહ હતા પરંતુ તેઓ આજકાલ ખુબ જ દુઃખી છે તેઓ કહે છે કે શહેરમાં જે થઈ રહ્યુ છે તે નરેન્દ્ર મોદીના વિચાર થી વિપરીત છે.

રાજકીય વિશ્લેષકો કહે છે કે વડોદરા નવનિર્માણ સંઘ (વીએનએસ) ભાજપ માટે મોટો માથાનો દુઃખાવો સાબિત થઈ શકે છે કારણ કે છેલ્લી ચુંટણીમાં ભાજપે ૧૯ વોર્ડમાં ૭૬ માં થી ૬૭ બેઠકો પર કબ્જો કર્યો હતો પરંતુ ભાજપે છેલ્લા ૫ વરસમાં બે હિન્દુત્વ કાઉન્સિલરો આશિષ જોશી અને અલ્પેશ લીંબચીયાને હાંકી કાંઢયા છે. તેથી હવે આ સંખ્યા ૬૭ છે, ધારાસભ્ય કેયુર રોકડીયાનો પણ કાઉન્સિલરોમાં સમાવેશ થાય છે, તેઓ હવે કોર્પોરેશનના કાઉન્સિલર પર છે. ૧૯૯૫ ની આસપાસ વડોદરા કોર્પોરેશનમાં ભાજપે સત્તા કબ્જે કરી હતી. આ શકય બન્યુ કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯૯૦ ની આસપાસ વડોદરામાં કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ આરએસએસ પ્રચારક તરીકે નિયમિત પણે કોઠી શાસ્ત્રી પોળ પર આવતા હતા. પરીખ કહે છે કે વડોદરા નરેન્દ્રભાઈની કર્મભુમી છે. અમારો તેમની સાથે અતુટ લગાવ છે તેઓ તેમના જીવનના દરેક મોટા પ્રસંગે વડોદરા આવ્યા છે. ૨૦૧૪ માં પીએમ મોદી વારાણસી અને વડોદરાથી જીત્યા હતા. ત્યારબાદ તેઓ ફકત ઉમેદવારી નોંધાવવા માટે વડોદરા આવ્યા હતા આ પછી તેમને મોટી ભેટ મળી હતી.

### સંસ્કૃતના વિકાસ માટે કાર્ય કરનારા આચાર્ય અને સંસ્કૃતના શિક્ષકને સન્માનિત કરાશે

# ધો. ૧૦ થી પરીક્ષામાં શાળાના ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ સંસ્કૃત રાખશે તો ૧ લાખની ગ્રાન્ટ અપાશે

પ્રતિનિધિ,ગાંધીનગર




શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ વધુને વધુ સંસ્કૃત ભાષામાં રસ દાખવે તે માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતી ૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત ભાષાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે નવી અને મહત્વપૂર્ણ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ સંસ્કૃત પ્રોત્સાહન યોજના હેઠળ માધ્યમિક સ્તર (ધો.૧૦) માં તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે એવી સ્કુલને રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સુત્રોના કહેવા પ્રમાણે માધ્યમિક સ્કુલમાં ધો. ૧૦ માં નોંધાયેલી સંખ્યા ૧૦૦ થી ઉપર હોય અને ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય પસંદ કરે તો તે શાળા અનુદાન માટે પાત્ર ગણાશે. સ્કુલના આચાર્ય અને સંસ્કૃત વિષય ભણાવનારા શિક્ષકનુ પણ વિશેષ સન્માન કરવામાં આવશે. આ યોજના ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ માધ્યમિક શાળાઓ (સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર ) પર લાગુ પડે છે. સુત્રોએ વધુમાં જણાવ્યુ હતુ કોલેજ લેવલે પણ સંસ્કૃતને પ્રધાન્ય અપાશે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનો ઉદ્દેશ એ છે કે પ્રાચીન ભાષાનુ વિદ્યાલયોમાં અસ્તિત્વ ટકાવી શકાય, વિદ્યાર્થીઓને માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષય પસંદગી માટે પ્રોત્સાહન મળે, તેમજ સંસ્કૃત પ્રચાર પ્રસાર માટે શાળાને પ્રોત્સાહન મળે, સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે આર્થિક સહાય મળે, અને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ સંસ્કૃતને પ્રદ્યાન્ય આપે તે છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા અનુદાન માટે વિવિધ કેટેગરી નકકી કરવામાં આવી છે જેમાં ૨૦૦ થી ૨૯૯ વિદ્યાર્થીઓમાંથી જો ૧૦૦ ટકા વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષય પસંદ કર્યો હોય તો રૂપીયા ૫૦ હજારનુ અનુદાન મળશે. જયારે ૩૦૦ થી ૩૯૯ વિદ્યાર્થીઓમાંથી જો ૧૦૦ ટકા વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષય પસંદ કર્યો હોય તો રૂપીયા ૭૫ હજારનુ અનુદાન મળશે. આ ઉપરાંત ૪૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓમાંથી જો ૧૦૦ ટકા વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષય પસંદ કર્યો હોય તો તેવી શાળાઓને રૂપીયા ૧ લાખનુ અનુદાન અપાશે.

# પાલિકાના ચીફ ઓફિસરની સરકારી કાર ખાડામાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોધરા

ગોધરા શહેરના ભાગોળ વિસ્તારમાં એક મસમોટો ખાડો પડી જતાં વાહનચાલકોમાં અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

અનેક વાહનો આ ખાડામાં ખાબકતા હોવાથી સ્થાનિકો લોકો દ્વારા અનેક વખત નગરપાલિકાની રજૂઆત કરાઈ છે. તેમ છતાં પાલિકા આંખ આડા કાન કરી છે. હદ તો ત્યારે થઈ કે, થોડા દિવસો પહેલા ખુદ પાલિકાના ચીફ ઓફિસરની સરકારી કાર ખાડામાં ખાબકી હતી, તેમ છતાં આ ખાડાને પુરવાની તસ્દી લેવામાં આવી નથી.

ગોધરા શહેરમાં છેલ્લા એક વર્ષમાં બનાવવામાં આવેલા નવા રસ્તાઓની હાલત વરસાદ બાદ કથળી ગઈ છે.

રસ્તાઓ પર મોટા ખાડા પડી જતાં શહેરીજનો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ દરમિયાન ભાગોળ વિસ્તારમાં મસમોટો ખાડો વાહનચાલકો માટે માથાનો દુઃખાવો બન્યો છે. આ ખાડાને લઈને નગરપાલિકાને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. જેના કરાણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, શહેરના મુખ્ય માર્ગો જેવા કે ભુરાવાવ ચાર રસ્તા નજીક યોગેશ્વર સોસાયટી રોડ, નવીન ઓવરબ્રિજ, ઉશહેરા ભાગોળ માર્ગ, ગીધવાણી રોડ, બસ સ્ટેશન માર્ગ, મોદીની વાડીથી સહેય ભાગોળ માર્ગ અને જાફરાબાદ વાવડી વિસ્તારના માર્ગો પર મોટા ખાડા પડ્યા છે.આ અંગે સ્થાનિકોએ જિલ્લા સેવાસદન કચેરીમાં લેખિત રજૂઆત કરી છે.



વૈશ્વિક નેતા અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ૭૫ માં જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોન -૨ નો વિકસિત ભારત ચિત્ર સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ બહેરામપુરા ગુજરાતી શાળા નં ૨/૩/૧૧ અને બહેરામપુરા હિન્દી શાળા નં ૧ ના પ્રાંગણમાં યોજવામાં આવ્યો હતો.

### બીજાના કલ્યાણ માટે જીવન સમર્પિત કરનાર થી બીજુ કંઈ મોટુ નથી : રજની પટેલ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા રાજેન્દ્રનગર સહયોગ કૃષ્ઠ યજ્ઞમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાયગઢ નજીક આવેલ સહયોગ કૃષ્ઠયજ્ઞમાં તીથિ ભોજન અને સેવાના ભેખધારી એવા સ્થાપકનુ સન્માન ઉપરાંત અન્ય કાર્યક્રમોનુ આયોજન કરાયુ હતુ જેમાં અનેક લોકોએ ઉપસ્થિત રહી વડાપ્રધાનની જન્મદિનની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ, પદ્મશ્રી સુરેશભાઈ સોનીનુ સન્માન, સૌ પરીવારોને સ્મૃતિ ચિન્હ ભેટ, ૧૨૦૦ સભ્યોને તીથી ભોજન, ટ્રસ્ટના ગૃહ ઉદ્યોગની બનાવેલી સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી જીલ્લામાં અનોખો કાર્યક્રમ યોજાયો હતો.

રાજેન્દ્રનગર સ્થિત સહયોગ કૃષ્ઠ યજ્ઞમાં હિંમતનગરના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા યોજાયેલ સન્માન સમારંભમાં બોલતા પ્રદેશ ભાજપના મહામંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ થકી પોતાનુ જીવન બીજાના કલ્યાણ માટે સમર્પિત કરનાર અને પદ્મશ્રી સુરેશભાઈ સોનીએ ખરેખર જે કાર્ય કર્યુ છે તે યોગ્ય છે અને અન્ય લોકો માટે પ્રેરણા રૂપ છે. હિંમતનગર ના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ નરેન્દ્ર મોદીના જન્મદિવસની અનોખી ઉજવણી કરવાના ભાગરૂપે બુધવારે સહયોગ કૃષ્ઠ યજ્ઞ માં રહેતા પરીવારો માટે બે ટંકનુ તિથી ભોજન તરીકે આપ્યુ હતું. એટલુ જ નહી પણ તેમના પરીવારોએ તૈયાર કરેલ તમામ ચીજ વસ્તુઓ ખરીદીને લોકલ ફોર વોકલ ના સુત્રને સાર્થક કર્યુ હતું. સાથો સાથ ૧૦૦ પરીવારોનુ સન્માન કરાયા બાદ પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પરીવાર દ્વારા સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. રાજેન્દ્રનગર ખાતે યોજાયેલ કાર્યક્રમ સંપન થયા બાદ અગ્રણીઓએ સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ પ્રદર્શનનો લાભ લઈ કેટલીક ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી. સહયોગ કૃષ્ઠ યજ્ઞ માં રહેતા અનેક લોકો માટે પોતાનુ જીવન સમર્પિત કરનાર તથા પદ્મશ્રી એવોર્ડ વિજેતા સુરેશભાઈ સોનીનુ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યુ હતું.



આ પ્રસંગે સેવા પખવાડીયાના પ્રદેશ ના ઈન્ચાર્જ અને પુર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન ઈન્ચાર્જ ગજેન્દ્ર સકસેના, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેશભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પ્રમુખ ભીખાજી ડામોર, પૂર્વ સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી હીરાજી ડામોર, અશોકભાઈ જોશી, જયેશભાઈ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ ભુમિકાબેન પટેલ, રાજેન્દ્રસિંહ ભાટી, ગોપાલસિંહ રાઠોડ, અશ્વિનભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ રાજુભાઈ પટેલ, સી સી શેઠ, જિલ્લા મહામંત્રી વિજય પંડયા, રાજય નાણાંપંચના સભ્ય જે ડી પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ જયંતિભાઈ પટેલ, માર્કેટયાર્ડ ચેરમેન જયેશભાઈ પટેલ, લાલભાઈ દેસાઈ, વિનાયકભાઈ મહેતા, કનુભાઈ પટેલ, (મોડાસા) વનરાજસિંહ પરમાર, હસમુખભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, નિલાબેન પટેલ, યતિનબેન મોદી, કાજલબેન દોશી, નિર્મળાબેન પંચાલ, દિલીપસિંહ મકવાણા, હસમુખભાઈ પટેલ, જગદીશભાઈ ભાવસાર, બિનીપ ઓઝા, પ્રવિણસિંહ રહેવર આ કાર્યક્રમમાં સુરેશભાઈ સોનીના ધર્મપત્ની ઈન્દીરાબેન સોની, સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના ટ્રસ્ટી સુભાષભાઈ ઠક્કર તથા અન્ય ટ્રસ્ટીઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતું. સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાના ભાજપના હોદ્દેદારો અને સેવાયજ્ઞ સમિતિના હોદ્દેદારો તેમજ અનેક અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભાવનગરમાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમ માટે અભેદ્ય જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા

### ભાવનગર, અમરેલી, બોટાદ, રાજકોટ, સુરેન્દ્રનગર સહિત ૭ જિલ્લાની પોલીસ તૈનાત કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલે શનિવારે રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. જેને લઈ સમગ્ર ભાવનગર શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયુ છે. આ કાર્યક્રમની સુરક્ષા માટે ૭ જિલ્લાની પોલીસ અને રેલ્વે પોલીસને બોલાવવામાં આવી છે.



કુલ ૪ એડીશનલ ડીજીપી અને આઈજી કક્ષાના અધિકારીઓ સહિત ૪ હજાર થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. વડાપ્રધાનના એરપોર્ટથી જવાહર મેદાન સુધીના રોડ શો ના રૂટ ને સુરક્ષાની દ્રષ્ટીએ ૬ સેકટરમાં વહેંચવામાં આવ્યો છે. દરેક સેકટરમાં સુરક્ષાની જવાબદારી એસ પી કક્ષાના અધિકારીને સોંપવામાં આવી છે. આ સમગ્ર રૂટ પર થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ભાવનગર, અમરેલી, બોટાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ, ગીર સોમનાથ અને રેલ્વે પોલીસના જવાનોને સુરક્ષા માટે બોલાવાયા છે. રોડ શો ના રૂટ પર ધાબા પોઈન્ટ્સ , ડોગ સ્કવોડ અને રૂટ પોઈન્ટ્સ ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ પર થી પણ પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, વડાપ્રધાનનો આશરે ૨૦ મીનીટનો રોડ શો અને જવાહર મેદાન ખાતેનો કાર્યક્રમ ૪૦ થી ૫૦ મિનિટનો રહેવાનો અંદાજ છે.

પીજીવીસીએલ દ્વારા ભારત સરકારની વીવેમ્પ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ અંતર્ગત વિજળી વિતરણ ક્ષેત્રે જડમુળ માંથી ફેરફારો કરવામાં આવી રહ્યા છે. જેમાં વિજળીના વિતરણમાં ઉપયોગમાં લેવાતા કેબલની સમયાનુસાર ફેરબદલી કરવામાં આવી રહી છે. પીજીવીસીએલ ભાવનગર ઝોનલ કચેરી નીચે આવતા વિસ્તારોમાં રૂપીયા ૩૦૩ કરોડના ખર્ચે એમવીસીસી (મીડીયમ વોલ્ટેજ કવર્ડ કંડકટર ) કેબલ નાખવામાં આવશે. દરીયા કિનારાના ભાવનગર અને અમરેલી જિલ્લાને ફાયદારૂપ પીજીવીસીએલના મહત્વપૂર્ણ પ્રોજેકટનુ આગામી તા. ૨૦ સપ્ટેમ્બર ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવશે.

વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને ભાવનગરમાં કોઈપણ અનિચ્છિનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા સઘન અને અભેદ્ય સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક મહિનામાં બીજી વખત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

### શાળાઓમાં તા. ૬ નવે. થી બીજા સત્રનો પ્રારંભ થશે : દ્વિતિય સત્રમાં ૧૪૪ દિવસ શિક્ષણ કાર્ય રહેશે

# ગુજરાત બોર્ડની શાળાઓમાં તા.૧૬મી ઓકટોબરથી ૨૧ દિવસનુ દિવાળી વેકેશન પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેનુ શૈક્ષણિક કેલેન્ડર જાહેર કર્યુ છે. જે મુજબ પ્રથમ શૈક્ષણિક સત્ર ૧૫ ઓકટોબર સુધી ચાલશે અને ત્યારબાદ ૧૬ ઓકટોબરથી ૫ નવેમ્બર સુધી ૨૧ દિવસનુ દિવાળી વેકેશન રહેશે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેનુ શૈક્ષણિક કેલેન્ડર જાહેર કર્યુ છે. જેમાં પ્રથમ સત્ર ૧૫ ઓકટોબરે પૂર્ણ થાય છે અને ૧૬ ઓકટોબર થી શાળાઓમાં ૨૧ દિવસનુ દિવાળી વેકેશન પડી જશે. આ દિવાળી વેકેશન ૫ નવેમ્બર સુધીનુ રહેશે અને ત્યારબાદ ૬ નવેમ્બર થી શાળાઓમાં ફરી બીજા સત્રનો પ્રારંભ થશે. દ્વિતિય સત્ર ૬ નવેમ્બર થી ૩ મે ૨૦૨૬ સુધીનુ ૧૪૪ દિવસનુ રહેશે.બોર્ડ દ્વારા જાહેર કરાયેલા શૈક્ષણિક કેલેન્ડર મુજબ શાળાઓમાં બંને સત્રના કુલ ૨૪૯ દિવસનુ શૈક્ષણિક કાર્ય રહેશે. જેમાં ૯ સ્થાનિક રજાને બાદ કરતા ૨૪૦ દિવસ કાર્યના રહેશે. પ્રથમ સત્રનો પ્રારંભુ ૯ જુન ૨૦૨૫ થી શરૂ થયો હતો. જે ૧૫ ઓકટોબર સુધી ચાલશે. આ સત્રમાં કુલ ૧૦૫ દિવસનુ શૈક્ષણિક કાર્ય થશે. દ્વિતિય સત્ર દિવાળી વેકેશન બાદ ૬ નવેમ્બર ૨૦૨૫ થી શરૂ થશે અને ૩ મે ૨૦૨૬ ના રોજ પૂર્ણ થશે. આ સત્રમાં કુલ ૧૪૪ દિવસનુ શૈક્ષણિક કાર્ય રહેશે. ચાલુ વરસે કુલ ૮૦ દિવસની રજાઓ રહેશે. જેમાં મુખ્યત્વે ઉનાળુ અને દિવાળીના બે મોટા વેકેશનોનો સમાવેશ થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે કુલ ૨૪૦ દિવસનુ શિક્ષણકાર્ય નકકી કરવામાં આવ્યુ છે. જયારે શૈક્ષણિક વર્ષ દરમિયાન કુલ ૮૦ દિવસની રજાઓ રહેશે.

# ગુજરાતના ૨૮૦ બાર એસોસીએશનની ચુંટણી એક સાથે યોજાશે : મહિલાઓ માટે અનામતની જોગવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે વર્ષ ૨૦૧૫ માં બનાવેલા બાર એસોસીએશન રૂલ્સ હેઠળ રાજયની તમામ બાર એસોસીએશનનુ બંધારણ એક સરખુ કરવામાં આવ્યુ છે. વન બાર વન વોટ સિંધ્ધાત અનુસાર દરેક વકીલ માત્ર એક જ બાર માં સભ્ય રહી શકશે અને તે જ બાર માં મતદાનનો અધિકાર ધરાવશે. આ નિયમને ધ્યાનમાં રાખીને આગામી ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજયના કુલ ૨૮૦ જેટલા બાર એસોસીએશનની ચુંટણી યોજાવવાની છે. તે અગાઉ તમામ બાર એસોસીએશને ૨૦ નવેમ્બર સુધી મતદાર યાદી તૈયાર કરીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલવાની ફરજીયાત સુચના આપવામાં આવી છે.




આ ચુંટણી અંગે તાજેતરમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે જે પટેલની અધ્યક્ષતામાં તાજેતરમાં બેઠક મળી હતી. તેમાં તમામ બાર એસોસીએશનની ચુંટણી ૧૯ ડીસેમ્બરે એક સાથે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ ૧૫ નવેમ્બર સુધી વન બાર વન વોટ નિયમ હેઠળ સભ્યતા ફાઈનલ કરવી ફરજીયાત રહેશે. નોંધનીય છે કે આ ચુંટણીની પારદર્શિતા અને કાયદેસર પ્રક્રિયા માટે કાઉન્સિલે ૫ સભ્યોની ઈલેકશન કમિટી રચી છે. જો કોઈ બાર એસોસીએશનમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન ગેરરીતી કે ખામી જણાય તો સીધી અપીલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં કરી શકાશે. ઉલ્લેખનીય છે કે બાર કાઉન્સિલ ની બેઠકમાં સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ટ્રેઝરરની પોસ્ટ મહિલા વકીલ માટે અનામત રાખવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ ઉપરાંત એકઝીકયુટીવ કમિટીમાં ૩૦ ટકા સીટ મહિલાઓ માટે અનામત રહેશે. આ પગલુ વકીલાત ક્ષેત્રે મહિલાઓના પ્રતિનિધિત્વને મજબુત બનાવશે.

ગુજરાતની ૨૮૦ બાર એસોસીએશનની ચુંટણી એક સાથે યોજાવવા જઈ રહી છે. તે કારણે રાજયના કાનુની ક્ષેત્રમાં આ ચુંટણીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે ત્યારે આ ચુંટણીમાં મતદાર યાદી અને સભ્યતા પ્રક્રિયા પારદર્શક રહે તે માટે કડક સુચનાઓ આપવામાં આવી છે. જેથી દરેક બાર એસોસીએશનને પોતાની મતદાર યાદી ૨૦ નવેમ્બર સુધી બાર કાઉન્સિલ ને મોકલવી ફરજીયાત છે. આ સમય મર્યાદા બાદ મોકલવામાં આવેલી યાદી માન્ય ગણાશે નહી. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે વર્ષ ૨૦૧૫ માં બનાવેલા બાર એસોસીએશન રૂલ્સ હેઠળ રાજયની તમામ બાર એસોસીએશનનુ બંધારણ એક સરખુ કરવામાં આવ્યુ છે. વન બાર વન વોટ સિધ્ધાંત અનુસાર દરેક વકીલ માત્ર એક જ બારમાં સભ્ય રહી શકશે અને તે જ બારમાં મતદાનનો અધિકાર ધરાવશે. આ નિયમને ધ્યાનમાં રાખીને આગામી ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજયના કુલ ૨૮૦ જેટલા બાર એસોસીએશનની ચુંટણી યોજાવાની છે તે અગાઉ તમામ બાર એસોસીએશને ૨૦ નવેમ્બર સુધી મતદાર યાદી તૈયાર કરીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલવાની ફરજીયાત સુચના આપવામાં આવી છે.





બહેરામપુરા ગુજરાતી શાળા નં.૧૧ ના વિદ્યાર્થીઓ દ્વારા IIT ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ૨૫૦૦ ચાંદલા દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫માં જન્મદિવસે "બિંદી આર્ટ" તૈયાર કરવામાં આવ્યું હતું.

# હિંમતનગરથી વિજાપુર જવા માટે સપ્તેશ્વર-દાવડ રોડ ઉપર પ્રતિબંધ ફરમાવાયોઃ હવે વાહનો દેશોતર-વલાસણા-રણશીપુર થઈ વિજાપુર જઈ શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરને મહેસાણા વિજાપુર સાથે જોડતો વિજાપુર હિંમતનગર એસએચ ૫૫ ઉપરનો દેરોલ નજીક સાબરમતી નદી પરનો બ્રિજ જુનો હોઈ ભારે વાહનો માટે અવર જવર માટે બંધ કરવામાં આવ્યો છે. તેમજ હાલમાં સંપૂર્ણપણે વાહન વ્યવહાર બંધ કરવામાં આવેલ છે. જેથી અમુક વાહનો દાવડ-આરસોડીયા-સપ્તેશ્વર રોડ થી પસાર થાય છે. પરંતુ આ માર્ગ ભારે વાહનો તથા ટ્રાફીક માટે અનુકુળ નથી જેથી દાવડ-આરસોડીયા રોડ પરથી ભારે વાહનો પસાર ન થાય તે માટે મોટા અને ભારે વાહનો હિંમતનગર-ઈલોલ- દાવડ- દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર વૈકલ્પિક રૂટ પરથી પસાર થાય તે જરૂરી છે. જેથી જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠાને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. ઈડર-આરસોડીયા-સપ્તેશ્વર રૂટને પ્રતિબંધિત કરી વૈકલ્પિક રૂટ ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર વિજાપુરનો ઉપયોગ થાય તે જરૂરી છે. આ જાહેરનામુ ૧૪/૧૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ સજા / દંડને પાત્ર થશે.

# નરોડામાં ગાંધીનગરના વેપારીનુ ૨૦ લોકોએ કર્યુ અપહરણ : માર મારી વેપારીને હિંમતનગર હાઈવે પર છોડી આરોપીઓ ફરાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના અમદાવાદમાંથી અપહરણના બનાવો બની રહ્યા છે જેમાં અમદાવાદના નરોડામાં કાર ભાડે આપનાર ગાંધીનગર ના વેપારી ધર્મેશ રૂડાચ નુ અપહરણની ઘટના બહાર આવી હતી.




ધર્મેશભાઈએ ટીના રબારી નામના શખ્સને કાર બે દિવસ માટે ભાડે આપી હતી. અંબાજી જવાનુ કહી કાર પેથાપુર રાખવામાં આવી હતી તો બીજી તરફ વેપારીને નાના ચીલોડા નજીક કાર હોવાની જાણ થતા ત્યાં તપાસ અર્થે પહોચ્યા હતા. તે દરમિયાન અન્ય ૪ કારમાં આવેલા ૨૦ થી વધુ લોકોએ તેમનુ અપહરણ કર્યુ હતુ, ગાંધીનગર નજીકના વડવાસાના ખેતરમાં વેપારીને લઈ ગયા હતા. ત્યાં ગન પોઈન્ટ પર ઢોર માર માર્યો હતો અને ધમકી પણ આપી હતી. આ શખ્સોએ વેપારીનો બળજબરીપૂર્વક વિડીયો બનાવ્યો હતો. આરોપીઓ હિંમતનગર રોડ પર ફરીયાદીને છોડી ફરાર થઈ ગયા હતા. નરોડા પોલીસે દિપક દેસાઈ અને તેના સાગરીતો વિરૂધ્ધ અપહરણનો ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા સાંસદનો ગંભીર આક્ષેપ

# જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે: મનસુખ વસાવા

### ભરૂચમાં સહકારી સંસ્થાઓ મૂળ હેતુથી વિખેરાઈ ગઈ છે, ત્યારે સહકારી માળખાનું શુદ્ધિકરણ જરૂરી બની ગયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ,

ભરૂચ દૂધધારા ડેરીની આવતીકાલે શુક્રવારે (૧૯મી સપ્ટેમ્બર) ચૂંટણી યોજાવાની છે. જેમાં ચૂંટણી પહેલા સાંસદ મનસુખ વસાવાનું નિવેદન સામે આવ્યું છે. વસાવાએ ગંભીર આક્ષેપ કર્યા કે, જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે.

ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આક્ષેપ કર્યા કે, ભરૂચમાં સહકારી સંસ્થાઓ મૂળ હેતુથી વિખેરાઈ ગઈ છે, ત્યારે સહકારી માળખાનું શુદ્ધિકરણ જરૂરી બની ગયું છે. સહકારી સંસ્થાઓની ચૂંટણી ખરીદફરોત થઈ રહી છે. જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે. ચૂંટણી પ્રક્રિયાની અંતિમ વિગતો પ્રમાણે, કુલ ૨૧ ઉમેદવારી પત્ર પરત ખેંચાયા છે અને ૧ બેઠક બિનહરીફ છે. હવે ૧૪ બેઠકો માટે આવતીકાલે ૧૯ સપ્ટેમ્બરે મતદાન યોજાવાનું છે. મળતી માહિતી અનુસાર, ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાં વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રાણાએ ભાજપના ઉમેદવારોની પેનલ સામે વિકાસ પેનલ ચૂંટણી મેદાને ઉતારી છે. તેમણે કહ્યું કે, સસ્પેન્ડ કરવાનો કોઈ અર્થ નથી. આનાથી કોઈ ફરક પડે નહીં. અમારી વિકાસ પેનલ ચૂંટણી લડશે અને જીતશે કેમકે, કાર્યકરોનો સાથ-સહકાર છે.